શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

ગુજરાત કાઉન્સિલ ઓફ એલીમેન્ટરી એજયુકેશન
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન નંબર : ૦૭૯–૨૩૨૪૭૧૩૩
E-mail : qecell@gmail.com
Tollfree No. : 1800 233 7965

પત્રક્રમાંક:એસએસએ/QEM/1/૨૦૨૦/૩૨૮૨૧- ૮૮૫ તા ~~૨૫/૦૯/૨૦૨૦~~ ૯/૧૦/૨૦૨૦

પ્રતિ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા - તમામ

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા -તમામ
શાસનાધિકારીશ્રી -તમામ.

વિષય :-"Khelo India Fitness Assessment for School Going Children"અંતર્ગત શાળાના આચાર્યશ્રી તથા શાળાના નોડલ સ્પોર્ટ્સ ટીચરશ્રી ને ઓનલાઇન ટેસ્ટ આપવા બાબત.

સંદર્ભ- અત્રેની કચેરીના પત્રકમાંક-એસએસએ/QEM/1/2020/૩૨૮૨૧-૮૮૫ તા-૨૩.૦૯.૨૦૨૦

ભારત સરકારના યુવા બાબતો અને રમત મંત્રાલય સેન્ટ્રલ સેક્ટર સ્કીમ એટલે કે "Khelo India" અમલમાં મૂકી રહ્યું છે. "Khelo India" રમતગમતના વિકાસ માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ છે. જે અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઇન્ડિયા તથા સમગ્ર શિક્ષા, ગુજરાત ધ્વારા "ખેલો ઇન્ડિયા" કાર્યક્રમ અંતર્ગત શાળાઓના આચાર્યશ્રી તેમજ શાળાના નોડલ સ્પોર્ટ્સ ટીચર માટે "ખેલો ઇન્ડિયા નેશનલ ફિટનેસ એસેસમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ" સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત સંદર્ભ પત્ર અન્વયે તા.૧૨.૧૦.૨૦૨૦ના રોજ ઓનલાઈન ટેસ્ટ લેવા અંગે સૂચવવામાં આવ્યુ હતું. જે હવે તા.૧૩.૧૦.૨૦૨૦ને મંગળવારના રોજ ઓનલાઈન ટેસ્ટ યોજાનાર છે. ખેલો ઇન્ડિયા અંતર્ગત ઓનલાઈન ટેસ્ટનો સમય એક(૧) કલાકનો રહેશે. જેથી શાળાઓના આચાર્યશ્રી તેમજ શાળાના નોડલ સ્પોર્ટ્સ ટીચર પોતાની અનુકુળતા સમયે ઓનલાઈન ટેસ્ટમાં જોડાઇ ૧ કલાકમાં ટેસ્ટ પૂર્ણ કરવા જણાવશો.

ઓનલાઈન ટેસ્ટ માટેની જરૂરી સૂચનાઓ તથા માર્ગદર્શિકા આ પત્ર સાથે સામેલ છે. જે આપના જિલ્લાના તમામ શાળાના આચાર્યશ્રી તથા શાળાના નોડલ સ્પોર્ટ્સ ટીચરશ્રી સુધી પહોચાડવા વિનંતી છે.

સર્વ શિક્ષા અભિયાનની કચે.
વડોદરા.
આવકનંબર.....૧૬૭૧....
તારીખ.....૧૨.૧૦.૨૦....
શાખા.........
સહી.........

સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ,
સમગ્ર શિક્ષા,ગાંધીનગર

નકલ સવિનય રવાના:
- માન.એસપીડીશ્રી,સદર કચેરી
- માન.એએસપીડીશ્રી,સદર કચેરી

F / QE /2020 21/LETTER/SECRETARY SIR

જિ.શિ.અ. કચેરી, વડોદરા
પત્રની નોંધણી નંબર.......
તારીખ..૧૩/૧૦/૨૦૨૦
સહી.......
કચેરીની સહી..............

Scanned by CamScanner

Scanned by CamScanner

શાળાના આચાર્યશ્રી તથા શાળાના નોડલ સ્પોર્ટ્સ ટીચરશ્રી ને ઓનલાઇન ટેસ્ટ માટેની માર્ગદર્શિકા તથા સૂચનાઓ

## ખેલો ઇન્ડિયા ઓનલાઇન ટેસ્ટ

- તારીખ: 13/10/2020, મંગળવાર
- સમય: સવારે 6: 00 કલાકથી થી રાત્રે 11:50 કલાક સુધી
- ઓનલાઇન ટેસ્ટની અવધિ: 1 કલાક (આપના અનુકૂળ સમય મુજબ)

## ઓનલાઈન ટેસ્ટ માટેની વિગત (સ્ટેપ્સ)

- પગલું 1: વેબ બ્રાઉઝર પર https://schoolfitness.kheloindia.gov.in ઓપન કરો.
- પગલું 2: login પર ક્લિક કરો.
- શાળાના આચાર્યશ્રી અથવા નોડલ સ્પોર્ટ્સ ટીચર(PE TEACHER) વિકલ્પ પસંદ કરો.
- પગલું 3: જો તમે શાળાના આચાર્યશ્રી છો તો પ્રિન્સિપાલ/HM પોર્ટલનું યુનિક યુઝર આઈ ડી અને પાસવર્ડ સાથે login કરો.
- જો તમે નોડલ સ્પોર્ટ્સ ટીચર/PE TEACHER છો તો ખેલ ઇન્ડિયાનું આપનું વ્યક્તિગત ખેલો ઇન્ડિયાનું યુનિક યુઝર આઈ ડી અને પાસવર્ડ સાથે login કરો.
- ઉદાહરણ માટે શાળાના આચાર્યશ્રીનું યુનિક આઈ ડી : KI21000000000 (જેમાં શાળાનો યુ ડાયસ કોડ સામેલ છે) તેમજ શાળાના નોડલ સ્પોર્ટ્સ ટીચરનો યુનિક આઈ ડી : KI001111 (00 ------ થી પ્રારંભ થાય છે)
- પગલું 4: "TOT DETAILS વિકલ્પ પસંદ કરો. તેમાં TOT ATTENDED "વિકલ્પ પર ક્લિક કરો.
- TOT ATTENDED વિકલ્પમાં આપની તાલીમમાં હાજરી બતાવવામાં આવશે. જો આપની હાજરીમાં 1/2 બતાવે તો આપે TAKE TEST વિકલ્પ પર ક્લીક કરો.
- જો મોબાઈલ ફોન દ્વારા ટેસ્ટ લેતા હોય તો કૃપા કરીને મોબાઇલ સ્ક્રીનને જમણી બાજુ સ્ક્રોલ કરો અને "TAKE TEST પર ક્લીક કરો.
- પગલું 5: સૂચનાઓને કાળજીપૂર્વક વાંચો, તે મુજબ જ પ્રતિસાદને ચિહ્નિત કરો અને "TAKE TEST પર ક્લિક કરીને આગળ વધો.
- પગલું 6: ઓનલાઈન ટેસ્ટ પૂર્ણ થયા પછી SUBMIT બટન પર ક્લિક કરી આપનો સ્કોર જોઈ શકાશે.
- જો SUBMIT બટન પર સમયસર ક્લિક કરવામાં નહિ આવે તો ઓનલાઈન ટેસ્ટ પૂર્ણ થઇ શકશે નહિ.



Scanned by CamScanner

Scanned by CamScanner

# ઓનલાઈન ટેસ્ટ માટેની જરૂરી મહત્વપૂર્ણ સૂચનાઓ.

- નોંધ લેશો: કોઈ પણ સંજોગોમા રી-ટેસ્ટ વિકલ્પ નથી તેથી ઓનલાઈન ટેસ્ટ આપતી વખતે નીચે જણાવેલ વિગતોને ધ્યાને લેશો.
- ઓનલાઇન ટેસ્ટ લેપટોપ અથવા કમ્પ્યુટર / ટેબ્લેટનો ઉપયોગ કરીને આપવી.
- સારી ઇન્ટરનેટ કનેક્ટિવિટીનો ઉપયોગ કરો.
- ઓનલાઈન ટેસ્ટ આપતી વખતે REFRESH / BACK બટન પર ક્લિક કરશો નહિ.
- તા-13/10/2010 ના રોજ ઓનલાઈન ટેસ્ટનું ટાઈમર તમારા પ્રયાસ માટે શરૂ થાય છે પછી તે 1 કલાક માટે સતત ચાલુ રહેશે.
- ઓનલાઈન ટેસ્ટ MCQ આધારિત રહેશે.
- https://schoolfitness.kheloindia.gov.in/StaticPage/LandingPage.aspx પર ઉપલબ્ધ એડમિન મેન્યુઅલ, ડેમો વીડિયો અને ફિટનેસટેસ્ટ વીડિયોનો અભ્યાસ કરવો.
- તમે પરીક્ષા આપતી વખતે અભ્યાસ સામગ્રીની મદદ લઈ શકો છો. (OPEN BOOK TEST)
- તમારી ઓનલાઈન ટેસ્ટ નિર્ધારિત સમય કરતાં વહેલા પૂર્ણ થાય તો SUBMIT બટન પર ક્લિક કરવું
- ઓનલાઈન ટેસ્ટ સબમિટ કર્યા પછી તમારો સ્કોર દર્શાવવામાં આવશે.

ક્રમાંક:એસએસએ/QEM/૨૦૨૦/૯૬૦૪-૯૬૩૪

સમગ્ર શિક્ષા, જિ.વડોદરા, તા.૧૨/૧૦/૨૦૨૦

પ્રતિ,

(૧)શિક્ષણ નિરીક્ષકશ્રી તમામ,

(૨)તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ,

(૩)બીઆરસી કો-ઓર્ડિનેટરશ્રી તમામ,

જિ.વડોદરા

ઉપરોક્ત પરિપત્ર આપ સૌને મોકલવામાં આવેલ છે. પરિપત્રની વિગતે "Khelo India Fitness Assessment for School Going Children" અંતર્ગત શાળાના આચાર્યશ્રી તથા શાળા નોડલ સ્પોર્ટસ ટીચરશ્રીને તા.૧૨.૧૦.૨૦ના રોજ ઓનલાઈન ટેસ્ટ લેવા અંગે સૂચવવામાં આવ્યું હતું. જે હવે તા.૧૩.૧૦.૨૦ને મંગળવારના રોજ ઓનલાઈન ટેસ્ટ યોજાનાર છે. ખેલો ઈન્ડિયા અંતર્ગત ઓનલાઈન ટેસ્ટનો સમય એક કલાકનો રહેશે. જેથી શાળાઓના આચાર્યશ્રી તેમજ શાળાના નોડલ સ્પોર્ટસ ટીચર પોતાની અનુકૂળતા સમયે ઓનલાઈન ટેસ્ટમાં જોડાઈ એક કલાકમાં ટેસ્ટ પૂર્ણ કરવા જણાવવાનું રહેશે.

ઓનલાઈન ટેસ્ટ માટેની જરૂરી સૂચનાઓ તથા માર્ગદર્શિકા પરિપત્ર સાથે સામેલ છે. જે આપના તાલુકાના તમામ શાળાના આચાર્યશ્રી તથા શાળાના નોડલ સ્પોર્ટસ ટીચરશ્રી સુધી પહોંચાડવા પુનઃજણાવવામાં આવે છે.

જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર
અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સમગ્ર શિક્ષા, જિ.વડોદરા

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

નકલ રવાના જાણ તથા અમલ સારું:-

(૧)મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી તમામ, જિ.વડોદરા

(૨)બીટ કેળવણી નિરીક્ષકશ્રી તમામ, જિ.વડોદરા

(૩)સીઆરસી કો.ઓર્ડિનેટરશ્રી, તમામ, જિ.વડોદરા

Scanned by CamScanner

Scanned by CamScanner